ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૦૭ અને ૨૦૯ મુજબ જિલ્લા અને તાલુકા પંચાયતોને મળતી સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ તથા ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ હેઠળ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતને મળતી રેતી, કંકર, ગ્રેવલ અને અન્ય ગૌણ ખનિજ ઉપર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકના અનુદાનમાંથી વિકાસના કામો કરવા અંગે માપદંડો નક્કી કરવા બાબત.

---

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૬/૨૨૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫/૯/૨૦૧૬

**વંચાણે લીધા-**

(૧) ઉદ્યોગ ખાણ અને વિજળી વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમસીઆર/૨૧૬૮(૨૦)/ભાગ-૨/૬૬૩૨/છ, તા. ૧૫/૯/૭૯.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના એકત્રિત ઠરાવ ક્રમાંક- એમસીઆર/૧૦૮૮/૨૧૩૫-(૨)/છ, તા. ૨૫/૮/૯૪

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૬/ ૨૨૪/જ, તા. ૭/૪/૧૬.

(૪) વિકાસ કમિશ્નરશ્રીનો પત્ર ક્રમાંકઃ વિક/ પંચાયત/યુ.૩/વશી/૮૭ થી ૮૮/૧૬, તા. ૨૨/૨/૧૬.

(૫) સ્ટેમ્પ ડ્યુટી અને રેતી કંકર ગ્રાન્ટ સમિતિની તા. ૯/૫/૧૬ તથા તા. ૨૧/૫/૧૬ ની બેઠકમાં થયેલ ભલામણ.

(૬) વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્યની સીંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત તા. ૮/૬/૧૬

**પ્રસ્તાવનાઃ-**

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૦૭ અને ૨૦૯ અન્વયે સબંધિત તાલુકા અને જિલ્લા પંચાયતની હદમાં આવેલી સ્થાવર મિલ્કતના વેચાણ, ગીરો, પટ્ટા, અથવા બીજા કોઇપણ જાતના સ્વત્વાર્પણને લગતા લેખો ઉપરના સ્ટેમ્પ ડયુટીના દર પર અનુક્રમે ૧૫ ટકા અને ૨૦ ટકા વધારાની સેસ નાંખી શકે તેવી જોગવાઇ છે. જે અનુસાર નાણાંપંચની ભલામણ અનુસાર આવા વિસ્તારની તાલુકા અને જિલ્લા પંચાયતોને અનુક્રમે ૧૫ ટકા અને ૨૦ ટકા ની ગ્રાન્ટ રાજયના એકત્રિત ફંડમાંથી જે તે વિસ્તારમાં જે તે વર્ષમાં સ્ટેમ્પ ડ્યુટીની આવકના આધારે સહાયક ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જેનો ઉપયોગ વિકાસના કામો માટે જ કરવાનો રહે છે.

જયારે રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટ સબંધે ઉદ્યોગ ખાણ અને વિજળી વિભાગના ઉપરોક્ત વંચાણે લીધા ક્રમ-(૧)પરના ઠરાવ તા. ૧૫/૯/૭૯ થી ઠરાવ્યા મુજબ રોયલ્ટીની રકમની વહેંચણી સબંધિત ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતને કરવામાં આવે છે. આ ઠરાવની જોગવાઇ મુજબ રોયલ્ટીની મળતી ગ્રાન્ટમાંથી કરવાના થતા કામો અને તે અંગેના ધારા-ધોરણો નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ રેતી, કંકર અને ગ્રેવલ જે ગામમાંથી મળી આવતી હોય તે ગામના રસ્તા તેમજ નદી કિનારાને ટ્રક, લોરી, ટ્રેકટર, જે.સી.બી. મશીન જેવા ભારે વાહનોના અવર-જવરથી તે ગામના રસ્તા તથા નદીના કીનારાને નુકશાન થાય છે. તેમજ નદીના કિનારા પાસેથી રેતી કાઢવાના પ્રસંગે નદીમાં પુર આવવાના પ્રસંગે પાણીનું વહેણ બદલાવાનો ભય રહે છે. જેના કારણે ગામના અસ્તિત્વને જોખમ થાય છે. આ માટે ગામના રક્ષણ તેમજ રસ્તા માટે પુર નિયંત્રણ ભંડોળમાંથી નાણાંની ફાળવણીની પ્રથમ અગ્રતા આપવા અને બીજી અગ્રતા ક્રમે આ અનુદાનની રકમ પંચાયતોએ વિકાસના કામોમાં વાપરવાની રહેશે એવું રાજ્ય સરકારે ઠરાવેલ છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ફાળવવામાં આવતી રોયલ્ટીની રકમ જે હેતુ માટે ફાળવવામાં આવે છે તે હેતુ માટે કામગીરી ન કરતાં અન્ય કામગીરીમાં પંચાયતો દ્વારા ખર્ચ કરવામાં આવે છે. તેવી જ રીતે સ્ટેમ્પ ડ્યુટીમાંથી મળતી સહાયક ગ્રાન્ટનો ઉપયોગ અન્ય વિભાગ દ્વારા ફાળવવામાં આવતા કામોમાં ઓવરલેપીંગ થાય છે. જેના કારણે પંચાયતો દ્વારા ગ્રાન્ટનો અસરકારક ઉપયોગ થતો નથી અને પંચાયતોનો જોઇએ તેટલો સર્વાંગી વિકાસ થતો નથી. જે બાબત ધ્યાને આવતા આ રીતે મળતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તથા અન્ય વિભાગ તેમજ કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અન્વયે થતા કામોમાં ઓવરલેપીંગ ન થાય તથા યોગ્ય કામો હાથ ધરી શકાય તે માટે ઉપરોક્ત વંચાણે લીધા ક્રમ- (૩) પરના વિભાગના તા. ૭/૪/૨૦૧૬ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી. ઉપરોક્ત વંચાણે લીધા ક્રમ-(૬) મુજબ સમિતિએ કરેલ ભલામણ મુજબની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીએ સરકારશ્રીને રજુ કરેલ હતી જે રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારે સમિતિએ કરેલ ભલામણને ધ્યાને લઇને રોયલ્ટીની આવક અને સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી પંચાયતો દ્વારા કેવા પ્રકારના વિકાસના કામો કરી શકાય અને કેવા પ્રકારના કામો ન કરી શકાય તે અંગેની નીતિ આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

***ઠરાવ-***

૧. સમિતિની ભલામણ મુજબ રોયલ્ટીની આવક અને સ્ટેમ્પ ડયુટીની ગ્રાન્ટના ઉપયોગ બાબતે પંચાયતો દ્વારા કેવા પ્રકારના વિકાસના કામો કરી શકાય અને કેવા પ્રકારના કામો ન કરી શકાય તે અંગેની નીતિ આથી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

૨. **<u>સ્ટેમ્પ ડ્યુટીની મળતી ગ્રાન્ટમાંથી કરવાના થતા વિકાસના કામો અંગેના નક્કી કરેલ ધારા-ધોરણો.</u>**

૧) સબંધિત વિભાગ દ્વારા સબંધિત તાલુકા / જિલ્લાની આવકની ગણતરી કરી ફાળવવાપાત્ર ગ્રાન્ટ તાલુકા / જિલ્લા પંચાયતની યાદી સાથે જે તે વર્ષના સ્ટેમ્પ ડ્યુટીની આવકના આધારે રાજયના એકત્રિત ફંડમાંથી આ અધિનિયમ મુજબ મળવાપાત્ર સહાયક ગ્રાન્ટ સબંધિત વિભાગ ધ્વારા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના હવાલે મૂકશે.

૨) સંબંધિત વિભાગે આ ગ્રાન્ટની ફાળવણી અંગેની દરખાસ્ત મેળવવાની રહેશે નહી. જે ગ્રાન્ટ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, વિકાસ કમિશ્નરશ્રીને હવાલે મુકશે ત્યારબાદ, તે ગ્રાન્ટની ફાળવણી વિકાસ કમિશ્નરશ્રી મારફતે સબંધિત જિલ્લા પંચાયતના હવાલે મૂકવામાં આવશે. આ અંગેના હિસાબો સબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ અલગ રીતે નિભાવવાના રહેશે.

૩) સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટની ફાળવણી બે વર્ષ અગાઉના વર્ષની આવકની ગણતરીના આધારે ત્રીજા વર્ષે ફાળવણી કરવાની રહેશે. દા.ત. વર્ષ ૨૦૧૬-૧૭ની ગ્રાન્ટની ફાળવણી સને ૨૦૧૪-૧૫ના ગ્રાન્ટની આવકના પ્રમાણમાં ફાળવણી કરવાની રહેશે. જે માટે વર્ષ ૨૦૧૩-૧૪ સુધીનાં યુ.ટી.સી.(ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર)મોકલવાના રહેશે.

૪) આ રકમ નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટના પ્રમાણમાં હપ્તાવાર જિલ્લાને ફાળવવાની રહેશે.

૫) આ ગ્રાન્ટ વિકાસના કામો માટે આપવામાં આવતી હોઇ તે જ હેતુ માટે આ ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે. જેનો હેતુફેર કરી શકાશે નહી.

૬) વિકાસના કામોના આયોજન સબંધે દુર્ગમ વિસ્તારની ગ્રામ પંચાયતો અને જિલ્લાના અન્ય તાલુકાના પ્રમાણમાં ઓછો વિકાસ થયો હોય તેવા તાલુકામાં વિકાસના કામોને અગ્રીમતા આપવાની રહેશે.

૭) જે ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસનું કોઇ કામ થયેલ ન હોય તેવી પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.

૮) કામોની વહીવટી મંજુરી આપવાની સત્તા પંચાયતની સામાન્ય સભાને જ રહેશે.

૯) વિકાસના કામો અંગે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૪૧ હેઠળ બનાવેલા નિયમો મુજબ વિકાસના કામોની તાંત્રિક મંજુરી સક્ષમ સત્તાધિકારીની ફરજીયાત મેળવવાની રહેશે.

3. <u>રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટમાંથી કરવાના થતા વિકાસના કામો અંગેના નક્કી કરેલ ધારા-ધોરણો.</u>

૧) આ અંગેની ગ્રાન્ટ સબંધિત વિભાગ દ્વારા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના હવાલે મૂકશે. સંબંધિત વિભાગે આ ગ્રાન્ટની ફાળવણી અંગેની દરખાસ્ત મેળવવાની રહેશે નહી. જે ગ્રાન્ટ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, વિકાસ કમિશ્નરશ્રીને હવાલે મુકશે ત્યારબાદ તે ગ્રાન્ટની ફાળવણી વિકાસ કમિશ્નરશ્રી મારફતે સબંધિત જિલ્લા પંચાયતના હવાલે મૂકવામાં આવશે. આ અંગેના હિસાબો સબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ અલગ રીતે નિભાવવાના રહેશે.

૨) રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટ સબંધે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધા ક્રમ-(૨) પરના ઠરાવ તા.૨૫/૮/૯૪ થી ઠરાવ્યા પ્રમાણે નીચે મુજબના ધારાધોરણો મુજબ રોયલ્ટીની રકમ જિલ્લા વિકાસ અધિકારીના હવાલે વિકાસ કમિશ્નર દ્વારા મૂકવામાં આવશે.

૨. ૧) રેતી કંકર રોયલ્ટી ગ્રાન્ટનો ૫ ટકા વહીવટી ખર્ચ સબંધિત વિભાગ ધ્વારા બાદ કર્યા પછી જે ગ્રાન્ટ મળે તેનો જિલ્લા પંચાયતને ૫૦ ટકા તથા જે તે ગ્રામ પંચાયતને ૫૦ ટકા લેખે આપવામાં આવશે.

૨. ૨) રેતી, કંકર અને ગ્રેવલ જે ગામમાંથી મળી હોય તે ગામના રસ્તા તેમજ નદીના કિનારાને ટ્રક, લારી વિગેરેને અવરજવરથી નુકશાન થાય છે. તેમજ નદીના કિનારા પાસેથી રેતી કાઢવાથી પુર પ્રસંગે પાણીનું વહેણ બદલાવાનો ભય રહે છે. તેમજ ગામની હસ્તી પણ જોખમાય છે માટે ગામના રક્ષણ માટે તેમજ રસ્તા માટે આ પુર નિયંત્રણ ભંડોળમાંથી નાણાં ફાળવવાની પ્રથમ અગ્રતા આપવાની રહેશે. બીજી અગ્રતા આ અનુદાનની રકમ પંચાયતો આ ઠરાવથી નક્કી કરેલ કામોમાં વાપરી શકશે.

3) અન્ય ધોરણો

3.૧) રોયલ્ટીની આવકની ફાળવણી બે વર્ષ અગાઉના વર્ષની આવકની ગણતરીના આધારે ત્રીજા વર્ષે ફાળવણી કરવાની રહેશે. દા.ત. વર્ષ ૨૦૧૬-૧૭ની ગ્રાન્ટની ફાળવણી સને ૨૦૧૪-૧૫ની ગ્રાન્ટની આવકના પ્રમાણમાં ફાળવણી કરવાની રહેશે. જે માટે વર્ષ ૨૦૧૩-૧૪ સુધીનાં યુ.ટી.સી.(ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર)મોકલવાના રહેશે.

૩.૨) આ રકમ નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટના પ્રમાણમાં હપ્તાવાર જિલ્લાને ફાળવવાની રહેશે.

૩.૩) આ ગ્રાન્ટ વિકાસના કામો માટે આપવામાં આવતી હોઇ તે જ હેતુ માટે આ ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે. જેનો હેતુફેર કરી શકાશે નહી.

૩.૪) વિકાસના કામોના આયોજન સબંધે દુર્ગમ વિસ્તારની ગ્રામ પંચાયતોને અગ્રીમતા રહેશે.

૩.૫) જે ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસનું કોઇ કામ થયેલ ન હોય તેવી પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.

૩.૬) કામોની વહીવટી મંજુરી આપવાની સત્તા પંચાયતની સામાન્ય સભાને જ રહેશે.

૩.૭) આ ગ્રાન્ટમાંથી જે હેતુ માટે ગ્રાન્ટ આપવામાં આવે તે જ હેતુ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

૩.૮) વિકાસના કામો અંગે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૪૧ હેઠળ બનાવેલા નિયમો મુજબ વિકાસના કામોની તાંત્રિક મંજુરી સક્ષમ સત્તાધિકારીની ફરજીયાત મેળવવાની રહેશે.

૪. <u>ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ધ્વારા નીચે મુજબનાં કામો કરવાના રહેશે.</u>

૪.૧ <u>ગ્રામ પંચાયતે કરવાના થતા કામો.</u>

૧) વરસાદી પાણીના સંગ્રહ માટેના કામો લઇ શકાશે. જેવા કે શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત હસ્તકની જાહેર જગ્યાઓમાં ભૂગર્ભમાં પાણી ઉતારવાની યોજના તથા મોટા ટાંકા બનાવી ભૂગર્ભમાં જળસંચય કરવાની યોજના. પરંતુ કુવા ઉંડા કરવાના કામો કરી શકાશે નહી.

૨) પીવાના પાણીની વ્યવસ્થા કરવી.

૩) ગ્રામ પુસ્તકાલયો બનાવવા અને નિભાવવા.

૪) ભૂગર્ભ ગટર યોજના બનાવવી.

૫) ગ્રામ પંચાયત વિસ્તારમાં ગામ હાટ બનાવવા.

૬) ઘન કચરા માટે કમ્પોસ્ટીંગ સાઇટ બનાવવી તથા ઘન કચરા નિકાલની વ્યવસ્થા.

૭) ગ્રામ્ય એપ્રોચ રોડ બનાવવો.

૮) ગ્રામ પંચાયત વિસ્તારમાં વિજળીકરણની સુવિધા કરવી. જેમાં એલ.ઇ.ડી. લાઇટને અગ્રતા આપવી.

૯) ગ્રામ પંચાયત હસ્તકના મકાનો માટે વસ્તીના ધોરણને ધ્યાને રાખી રાજય સરકાર દ્વારા નકકી કરેલ નીતી મુજબ બાંધકામ અને અપગ્રેડેશન કરવું..

૧૦) આંગણવાડીના મકાન અને શાળાના ઓરડા બનાવવા માટે ઉપયોગ કરી શકાશે.

૧૧) સીનીયર સીટીઝનને બેસવા માટે બાંકડા સહિત વિસામો (વન કુટીર) (વન કુટીરની જેમ શેડ બનાવીને જ બાંકડા મુકી શકાય.)

૧૨) સીસી ટીવીના માધ્યમથી સીકયુરીટી સર્વેલન્સ સીસ્ટમ (વ્યવસ્થા, મેનેજમેન્ટ અને સારસંભાળ યોગ્ય રીતે થઇ શકે તેમ હોય તે સુનિશ્ચિત કરવું.)

૧૩) ઉકરડા દૂર કરવા

૧૪) સાર્વજનીક રસ્તાઓ, તળાવ કિનારે વનિકરણ/પ્લાન્ટેશન અને બ્યુટીફીકેશન.

૧૫) પક્ષીઓ માટેનું ચણ ઘર.(ચબુતરો)

૪.૨ <u>તાલુકા પંચાયત ઉપરોક્ત ફકરા ક્રમાંક ૪.૧માં જણાવેલા કામો સહિત નીચેના કામો કરી શકશે.</u>

૧) વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભમાં પાણી ઉતારવાની યોજના. (કુવા/તળાવ ઉંડા ઉતારવા સિવાયના કામ)

૨) બે ગામોને જોડતા રસ્તાઓ અને પુલોને અગ્રતા આપવાની રહેશે.

૩) મોટા રસ્તાઓને મળતા નાના ગ્રામ્ય રસ્તાઓના બાંધકામ તથા સંભાળ માટેના કામો.

૪) નાની સિંચાઇના કામો શરૂ કરી પાણી આપતી નહેરોની દેખરેખ રાખી જેમ બને તેમ વધારે જમીન સિંચાઇ હેઠળ આવે તેવી કાર્યવાહી કરવી.

૪.3 <u>જિલ્લા પંચાયત ફકરા ક્રમાંક ૪.૧ અને ૪.૨ માં જણાવેલા કામો સહિત નીચેના કામો કરી શકશે.</u>

૧) બે કરતાં વધુ ગામોના જૂથ માટે પીવાના પાણીના પુરવઠાનો પ્રબંધ કરવા તથા જાળવણી કરવા.

૨) જિલ્લા પંચાયતને સુપ્રત થયેલા રસ્તાઓ બાંધવા અને નિભાવવા.

૩) પંચાયત વિસ્તારમાં આરોગ્યની દ્રષ્ટિએ લોકોની સુખાકારી માટે દવાખાના સ્થાપવા અને નિભાવવા.

૪) ખેતીવાડી વિકાસ, પશુ સંવર્ધન તથા પશુ ચિકિત્સાલયો સ્થાપવા અને નિભાવવા.

૫) તળાવો અને બંધારાથી નહેર દ્વારા સિંચાઇ કરવાના કામો.

૬) વિજળીકરણને લગતી બિનપરંપરાગત ઉર્જાના સાધનો અને સૂર્યશક્તિથી સામુહિક રીતે ફાયદો થઇ શકે તેવા કામો લઇ શકાશે પરંતુ સામાન્ય રીતે સોલર લાઇટનો સમાવેશ થાય છે તેવા કામો થઇ શકશે નહી.

૭) જિલ્લાની મોટી સામુહિક યોજના માટે મેચીંગ ગ્રાન્ટ તરીકે ઉપયોગ કરી શકાશે. પરંતુ આ ઠરાવના ફકરા ક્રમાંકઃ ૫ માં જણાવ્યા મુજબ હાથ ધરી શકાય નહી

તેવા કામોની યાદી મુજબના કામો માટે મેચીંગ ગ્રાન્ટ તરીકે ઉપયોગ કરી શકાશે નહી.

૪.૪ અગ્રતા નક્કી કરેલ કામો ઉપરાંત ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને રાખી ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળની અનુસૂચિ- ૧, ૨, અને ૩ હેઠળના કામો લઇ શકાશે.

૫. <u>રોયલ્ટીની આવક અને સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી નીચેના કામો હાથ ધરી શકાશે નહી.</u>

૧) આ ગ્રાન્ટમાંથી બાંકડાઓ મૂકવાના રહેશે નહી.

૨) અસ્થાયી પ્રકારના મરામતના કામો કરી શકાશે નહી.

૩) આ ગ્રાન્ટ પંચાયતના સભ્યોના નામે વ્યક્તિગત રીતે ફાળવણી કરી શકાશે નહી કે આ ગ્રાન્ટમાંથી વ્યક્તિગત સહાય તરીકે લાભાર્થીને સહાય ચૂકવી શકાશે નહી.

૪) આ ગ્રાન્ટમાંથી કરવામાં આવેલા વિકાસના કામો અંગેની તકતી પર કોઇ વ્યક્તિગત નામ જોડવાનું રહેશે નહી.

૫) આ ગ્રાન્ટમાંથી સોલાર લાઇટના કામો કરી શકાશે નહી.

૬) ઉપરોકત કામો નમૂનારૂપ છે.જે વિકાસના કામોમાં લાઇન ડીપાર્ટમેન્ટ તરફથી આયોજન થતું હોય તેવા કામો લઇ શકાશે નહી. એટલે કે કામો બેવડાય નહી તેની તકેદારી રાખવાની રહેશે.

૭) આ ગ્રાન્ટ પંચાયતના સભ્યોને ફાળવી શકાશે નહી કે સ્વતંત્ર રીતે પોતાના મત વિસ્તારમાં વાપરવા અંગેની કોઇ અગ્રતા રહેશે નહી.

૮) આ ગ્રાન્ટમાંથી પગાર / કન્ટીજન્સી ખર્ચ કરી શકાશે નહી.

૬. સ્ટેમ્પ ડ્યુટીની સહાયક ગ્રાન્ટ તથા રેતી, કંકર અને ગ્રેવલ ઉપર મળતી રોયલ્ટીની આવકના ઉપયોગ સંબધે જે તે સંબંધિત વિભાગ તરફથી બહાર પાડેલી સૂચનાઓ આ ઠરાવથી આથી રદ કરવામાં આવે છે.

૭. આ ઠરાવનો અમલ તેની પ્રસિધ્ધિની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ)ની તા.૧૩/૭/૧૬, મહેસુલ વિભાગની તા.૧૯/૭/૧૬, ઉદ્યોગ અને ખાણ વિભાગની તા. ૨૫/૭/૧૬,નાણાં વિભાગની તા.૨૭/૭/૧૬ તથા સરકારશ્રીની તા.૩/૯/૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વનરાજસિંહ પંઢારીયા)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓ / તમામ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (પંચાયત) (સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી , સચિવાલયના સર્વે વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર .
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની કાર્યવાહી અર્થે.)
- શાખા સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.